જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત
Phone:: (0261) 2916003,2916040
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

જા.નં : ડાયેટ / 2021-22 /DRU/kala Utsav 7/10/2021

પ્રતિ,

મુખ્ય શિક્ષકશ્રી, સીઆરસી કો.ઓ.શ્રી, બીઆરસી કો.ઓ. /યુઆરસી કો.ઓ.શ્રી, તમામ જિ -સુરત

આચાર્યશ્રી,ક્યુડીસી કો.ઓ.શ્રી,એસવીએસ કન્વીનર શ્રી, માધ્યમિક-ઉચ્ચતર મા. શાળા તમામ જિ -સુરત

વિષય: આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવા બાબત

સંદર્ભ: ૧. જીસીઈઆરટી/ કલા ઉત્સવ/ ૨૦૨૧/૨૬૬૧૬-૨૬૭૧૬/તા.૬/૧૦/૨૦૨૧

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના ચિત્રકલા, કાવ્યગાન, નિબંધ અને વકતૃત્વ જેવા વિવિધ કૌશલ્યના વિકાસ માટે વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કળા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણીના ભાગરૂપે કલા ઉત્સવ હેઠળ વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવાના થાય છે.

કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા , કાવ્યગાન, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન શાળા કક્ષાએથી શરુ કરી સીઆરસી/ક્યુડીસી, બીઆરસી/એસવીએસ કક્ષાથી જીલ્લા કક્ષાનું આયોજન દરેક જિલ્લાએ કરવાનું છે. આ કાર્યક્રમોનું સુચારુ સંચાલન અને આયોજન શાળા કક્ષાથી શરું કરી જિલ્લા સુધી ડાયેટ પ્રાચાર્ય, ડીઈઓ, ડીપીઈઓ અને શાસનાધિકારીના સંકલનથી કરવાનું થાય છે.

1. રાજ્યમાં આવેલ તમામ ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક (ધોરણ ૯-૧૦ ) અને ઉચ્ચ મા. (ધોરણ ૧૧-૧૨) શાળાઓમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચિત્રકલા, કાવ્યગાન, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા શાળા કક્ષા અને સી.આર.સી.કક્ષા, ક્યુડીસી કક્ષા તેમજ તાલુકા કક્ષા, એસવીએસ કક્ષાએ યોજવાના રહેશે.
2. ચારેય સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.

| | | |
|---|---|---|
| I. | ઉચ્ચ પ્રાથમિક વિભાગ | ધોરણ ૬-૮ ના વિદ્યાર્થીઓ માટે |
| II. | માધ્યમિક વિભાગ | ધોરણ ૯-૧૦ ના વિદ્યાર્થીઓ માટે |
| III. | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | ધોરણ ૧૧-૧૨ ના વિદ્યાર્થીઓ માટે |

3. શાળા કક્ષાની સ્પર્ધા: સૌ પ્રથમ શાળા કક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી ચિત્રકલા, કાવ્યગાન, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમની પસંદગી કરવાની રહેશે તે પૈકી દરેક વિભાગ માંથી પ્રથમ ક્રમના વિજેતાને સી.આર.સી./ક્યુડીસી કક્ષાની સ્પર્ધામાં મોકલવાના રહેશે.

4. કલસ્ટર / ક્યુડીસી કક્ષાની સ્પર્ધા: કલસ્ટર / ક્યુડીસી કક્ષાએ શાળા કક્ષાએથી સ્પર્ધામાં પ્રથમ આવેલા વિજેતા સ્પર્ધકોની સ્પર્ધા સી.આર.સી/ક્યુડીસી કક્ષાએ કરવાની રહેશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવાનો રહેશે. દરેક સ્પર્ધાના પ્રથમ વિજેતાને રૂ. 300/-, દ્વિતીય વિજેતાને રૂ. ૨૦૦/-, અને તૃતીય વિજેતાને રૂ. ૧૦૦/- ઇનામ આપવાનું રહેશે. સી.આર.સી./ ક્યુડીસી કક્ષાએથી દરેક સ્પર્ધાના પ્રથમ વિજેતાની એન્ટ્રી તાલુકા/ એસવીએસ કક્ષાની સ્પર્ધામાં મોકલવાની રહેશે.

5. બીઆરસી/એસવીએસ કક્ષાની સ્પર્ધા: સી.આર.સી/ક્યુડીસી કક્ષાએ સ્પર્ધામાં પ્રથમ આવેલા વિજેતા સ્પર્ધકોની સ્પર્ધા બીઆરસી/એસવીએસ કક્ષાએ કરવાની રહેશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવાનો રહેશે. દરેક સ્પર્ધાના પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ. 300/-, અને તૃતીય વિજેતાને રૂ. ૨૦૦/- ઇનામ આપવાનું રહેશે. બીઆરસી/એસવીએસ કક્ષાએથી દરેક સ્પર્ધાના પ્રથમ વિજેતાની એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મોકલવાની રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી.કો.ઓ. અને એસ.વી.એસ.કન્વીનર સાથે રહી કરવાનું રહેશે.

6. કલસ્ટર અને ક્યુડીસી - બીઆરસી/એસવીએસ કક્ષાની સ્પર્ધા માટેની ગ્રાન્ટ

દરેક સ્પર્ધાના આયોજન માટે સ્પર્ધા દીઠ નીચે મુજબના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે તેને ધ્યાને લઈ ચારેય સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

| કક્ષા | તમામ સ્પર્ધા | |
|---|---|---|
| | સીઆરસી/ ક્યુડીસી કક્ષા | બીઆરસી /એસવીએસ |
| વિવિધ કક્ષાએ નિર્ણાયક માટે નિર્ણાયક દીઠ માનદ વેતન | રૂ. ૧૦૦ લેખે ત્રણ નિર્ણાયક | રૂ. ૨૦૦ લેખે ત્રણ નિર્ણાયક |
| રિફ્રેશમેન્ટ-સાહિત્ય અને અન્ય ખર્ચ | આયોજનની ગ્રાન્ટ સીઆરસી લેવલ એક (૧) શાળા દીઠ રૂ.૬૫/- પ્રમાણે અને ક્યુડીસી દીઠ રૂ ૧૦૦૦/- પ્રમાણે | આયોજનની ગ્રાન્ટ એક સીઆરસી દીઠ રૂ.200/- પ્રમાણે અને ક્યુડીસી દીઠ રૂ ૪૦૦/- પ્રમાણે |

7 ચિત્ર સ્પર્ધા , કાવ્યગાન, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓ માટેનો સમયગાળો નીચે મુજબ રહેશે.

| ક્રમ | કક્ષા | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|---|
| 1 | શાળા | 10/10/2021 સુધીમાં પૂર્ણ | 10/10/2021 સુધીમાં પૂર્ણ | 10/10/2021 સુધીમાં પૂર્ણ |
| 2 | ક્યુડીસી/ સીઆરસી | 11/10/2021 સુધીમાં પૂર્ણ | 14/10/2021 સુધીમાં પૂર્ણ | 14/10/2021 સુધીમાં પૂર્ણ |
| 3 | બીઆરસી/ એસવીએસ | 18/10/2021 સુધીમાં પૂર્ણ | 30/10/2021 સુધીમાં પૂર્ણ | 30/10/2021 સુધીમાં પૂર્ણ |
| 4 | જિલ્લા | 22/10/2021 | પાછળથી જાણ કરવામાં આવશે. | |

સમયપત્રકનો ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે અને બી.આર.સી.કક્ષાએથી તા. 20/10/21 ના રોજ 14:00 કલાક સુધીમાં અચૂક ડાયેટ ખાતે એન્ટ્રી મોકલી આપવાની રહેશે.

<u>સ્પર્ધાના વિષયો</u>

| ક્રમ | સ્પર્ધા/ વિષય/ થીમ | ઉચ્ચ પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | ચિત્રકલા | • દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ<br>• સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓની સ્થાનિક કથાઓ<br>• સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓનું યોગદાન | | |
| ૨ | કાવ્યગાન | | | |
| 3 | નિબંધ | | | |
| ૪ | વકતૃત્વ | રાષ્ટ્રીય શાયર 'શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્યો' | શૌર્ય ગીત | શૌર્ય ગીત |

ચારે સ્પર્ધા માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ ૬ થી ૧૨ |
|---|---|
| તજજ્ઞોની પસંદગીના ધોરણો | ➢ ચિત્ર સ્પર્ધા માટે ચિત્ર જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક / આ સબંધે અન્ય જાણકાર વ્યક્તિ (તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જીલ્લા કક્ષાએ જીલ્લાના જાણીતા ચિત્રકારની પસંદગી કરવી.<br>➢ કાવ્ય સ્પર્ધા માટે સાહિત્ય જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક / આ સબંધે અન્ય જાણકાર વ્યક્તિ (તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જીલ્લા કક્ષાએ જીલ્લાના જાણીતા સાહિત્યકાર/કવિની પસંદગી કરવી. |

| | |
|---|---|
| | ➢ નિબંધ/વકતૃત્વ સ્પર્ધા માટે નિબંધ/વકતૃત્વના જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક / આ સબંધે અન્ય જાણકાર વ્યક્તિ (તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જીલ્લા કક્ષાએ જીલ્લાના નિબંધ/વકતૃત્વના જાણકારની પસંદગી કરવી. |
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે |
| કલસ્ટર/ક્યુડીસી કક્ષાએ | સી.આર.સી. કો.ઓ./ક્યુડીસી કો.ઓ. નક્કી કરશે |
| તાલુકા/ એસવીએસ કક્ષા | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી / બી.આર.સી.એસવીએસ કન્વીનર સાથે મળીને નક્કી કરશે. |

શાળા કક્ષાની ઉજવણી માટે કોઈ ગ્રાન્ટ આપવાની થતી નથી.

જરૂર જણાયે સ્પર્ધાઓના ફોરમેટમાં ફેરફાર કરવાની સત્તા જીસીઇઆરટીને રહેશે. ગ્રાન્ટનું વિતરણ ડાયેટ કક્ષાએથી કરવામાં આવશે. સ્પર્ધા પૂરી થયે બી.આર.સી. કો.ઓ./એસવીએસ કન્વીનરે પ્રથમ વિજેતાની યાદી ડાયેટને મોકલવી. યુટીલાઈઝેશનસર્ટિ તથા ફોટા સાથેનો અહેવાલ ડાયેટમાં જમા કરાવાનો રહેશે.

કોવિડ -19 બાબતે સરકારશ્રીની SOP/ગાઈડ લાઈન ધ્યાને રાખવી.

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર સામેલ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>સુરત

જિલ્લા શિક્ષણાધિકારી<br>સુરત

પ્રાચાર્ય,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>સુરત

સવિનય નકલ રવાના:

- નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર
- સચિવશ્રી, જીસીઇઆરટી ગાંધીનગર
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર

નકલ રવાના(જાણ તથા અમલ સારૂ):

- શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ.,સુરત
- શૈક્ષણિક નિરીક્ષકશ્રીઓ તમામ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ તાલુકા, જિ- સુરત
- નિરીક્ષકશ્રીઓ તમામ, સુરત કોર્પોરેશન ,સુરત
- લાયઝન ઓફિસરશ્રી ડાયેટ-સુરત તમામ